અપીલ અરજી નં.૬૩૯ તા.૨૧–૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ઉધનાઝોન

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૭–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) ઉધનાગામ શાંતિનગર, દરગાહની પાછળ પ્લોટ નં. ૧૫ થી ૨૧ ( ટીડીઓ/ એસ.ઝેડ / નં. ૨૮ તા. ૩૧–૮–૧૦,ટીડીઓ/એસ.ઝેડ/નં. ૫૧ તા. ૨૮–૧૦–૧૦ તથા ટીડીઓ/એસ.ઝેડ/નં. ૨૯ તા. ૩૧–૮–૧૦ થી મંજૂર થયેલ બાંધકામો) પર તૈયાર થયેલ બાંધકામ મંજૂર પ્લાન મુજબનું છે કે કેમ તેની વિગત આપશો વિ. મુદ્દા નં. (૧)થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૩૯/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૭–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) ઉધનાગામ શાંતિનગર, દરગાહની પાછળ પ્લોટ નં. ૧૫ થી ૨૧ ( ટીડીઓ/ એસ.ઝેડ / નં. ૨૮ તા. ૩૧–૮–૧૦, ટીડીઓ / એસ.ઝેડ/ નં. ૫૧ તા. ૨૮–૧૦–૧૦ તથા ટીડીઓ/એસ.ઝેડ/નં. ૨૯ તા. ૩૧–૮–૧૦ થી મંજૂર થયેલ બાંધકામો) પર તૈયાર થયેલ બાંધકામ મંજૂર પ્લાન મુજબનું છે કે કેમ તેની વિગત આપશો વિ. મુદ્દા નં. (૧)થી (૮)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૯૫ તા. ૨–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગીના કિસ્સામાં તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી જયારે અરજદાર તરફથી પણ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૭–૧–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૧–૨–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં. (૧) ઉધનાગામ શાંતિનગર ,દરગાહની પાછળ પ્લોટ નં. ૧૫ થી ૨૧ ( ટીડીઓ/ એસ.ઝેડ/ નં. ૨૮ તા.૩૧–૮–૧૦ , ટીડીઓ / એસ.ઝેડ/ નં. ૫૧ તા. ૨૮–૧૦–૧૦ તથા ટીડીઓ/ એસ.ઝેડ/નં. ૨૯ તા. ૩૧–૮–૧૦ થી મંજૂર થયેલ બાંધકામો) પર તૈયાર થયેલ બાંધકામ મંજૂર પ્લાન મુજબનું છે કે કેમ તેની વિગત આપશો. (૨) અગર આ બાંધકામ મંજુર પ્લાન વિરુદ્ધનું હોય તો તેની વિરુદ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. (૩) આ બાંધકામોના પ્લાન મંજુર કરાવ્યા પૂર્વે આર્કીટેક દ્વારા આપના વિભાગમાં જે સોગંદનામું રજૂ કરાયું હોય તે સોગંધનામાની નકલો આપશો. (૪) આર્કીટેક દ્વારા સોગંદનામું રજૂ કરાયા બાદ પણ મંજુર પ્લાન વિરુદ્ધનું બાંધકામ ઊભું કરવા બદલ આર્કીટેક વિરુદ્ધ આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલ સહિતની વિગતવાર માહિતી આપશો. (૫) હાલમાં આ બાંધકામોમાં કેટલા માળ સુધીનું બાંધકામ તૈયાર કરવામાં આવેલું છે તેની વિગત આપશો. (૬) મઢીની ખમણીની સામે આવેલ રામદેવ નગરના પ્લોટ નં. ૨૪ પર હાલમાં તૈયાર થતાં બાંધકામના મંજુર પ્લાનની નકલ તથા વિકાસ પરવાનગી પત્રની નકલ આપશો. (૭) અગર આ બાંધકામ વિકાસ પરવાનગી વિના જ ઊભું થતું હોય તો તેની વિરુદ્ધમાં અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. (૮) ઉધના ગામ, શાંતિનગર, દરગાહની પાછળના પ્લોટ નં. ૧૫ થી ૨૧ પર થયેલા બાંધકામ બાબત તથા રામદેવનગરના પ્લોટ નં. ૨૪ પર થયેલ બાંધકામ બાબત સુરત મહાનગરપાલિકાના વીજીલન્સ વિભાગ તરફથી કે મ્યુ.કમિશ્નર કચેરી તરફથી

કાર્યવાહી કરવા અંગેના કોઈ પત્રો આપના વિભાગમાં પાઠવવામાં આવ્યા હોય તો તે પત્રોની નકલો તથા તેની સામે આપના વિભાગે કાર્યવાહી કરીને તેની સામે જે જે અહેવાલો સહિતના પત્રો (અધિકારીઓની નોંધવાળા) મોકલ્યા હોય તો તમામ પત્રોની નકલો આપશો. અરજદારે મુદ્દા નં. (૧) થી (૮)માં માંગવામાં આવેલી માહિતી બાબતે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં. સા.ઝોન/ટેક/૯૦૬ તા. ૨૮–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ " મિલકત પ્લોટ નં. ૧૫ થી ૨૧ ના બાંધકામ માટે ઉધનાઝોન ખાતેથી મંજુરી આપવામાં આવેલ મંજુર પ્લાન વિરુદ્ધના કવર્ડ કરેલ ઓટીએસનું કવર્ડ બાલ્કનીનું ડીમોલેશન કરીને રૂા. ૨૫૦૦૦/– વહીવટી ચાર્જ તરીકે વસુલ કરવામાં આવેલ જે વસુલ લેવામાં આવેલ વહીવટી ચાર્જની રકમની રસીદની નકલ આ સાથે સામેલ છે. બાંધકામોના પ્લાન મંજુર કરાવ્યા પૂર્વે એન્જીનીયર અંડરટેકીંગ તથા પાર્કીગ એફિડેવિટ અરજદાર દ્વારા રજૂ કરવામાં આવેલ. જેની નકલ આ સાથે સામેલ છે. હાલમાં સ્થળ પર ગ્રાઉન્ડ + ત્રણ માળનું બાંધકામ હોવાનું જણાય છે.

મઢીની ખમણીની સામે રામદેવનગરના પ્લોટ નં. ૨૪ના હયાત બાંધકામ માટે અત્રેથી વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. પ્લોટ નં. ૨૪ના બાંધકામ માટે ઉધનાઝોન ખાતેથી કાર્યવાહી કરવામાં આવેલ નથી.

ઉધના ગામ શાંતિનગર, દરગાહની પાછળના પ્લોટ નં. ૧૫ થી ૨૧ પર થયેલ બાંધકામ બાબતે સુરત મહાનગરપાલિકાના વીજીલન્સ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પત્રની નકલ આ સાથે સામેલ છે. પ્લોટ નં. ૨૪ ના બાંધકામ બાબતે કોઈ પત્ર પાઠવવામાં આવેલ નથી." તેવું જણાવેલ. આમ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી નિયત સમય અવધિ બાદ માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે.

વધુમાં અરજદારને અપીલ તબક્કે જો માહિતી મળે તો તે મળ્યા બાદ નારાજગી હોય તો મુદ્દાવાર આધાર સહ પક્ષ રજૂ કરવા જણાવવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ પક્ષ અત્રે રજૂ થયેલ નથી કે તકરાર ઉભી કરેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૧–૨–૧૨ ધ્યાને લેતાં ૨૧–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૭–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલ હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી– ઉધનાઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,